મોડાસાની અવર્સ મોબાઈલ દુકાનમાં ચોર ત્રાટક્યા

૧.૬૦ લાખના મોબાઈલ સહીત ૫ હજારની એસેસરીની લૂંટ ચલાવી ફરાર

અરવલ્લી જિલ્લા સહીત મોડાસા શહેરમાં પોલીસની નબળી કામગીરીના પગલે ચોર લૂંટારુઓ અને ઘરફોડિયા ગેંગ સહીત તસ્કરો બેફામ બની લૂંટની ઘટનાને અંજામ આપી રહ્યા છે. દિવસે ને દિવસે અરવલ્લી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ખાડે જતા જિલ્લાના પ્રજાજનો ભયના ઓથાર હેઠળ જીવી રહ્યા છે. મોડાસા બસ સ્ટેન્ડ પોલીસ ચોકીથી ૨૦૦ મીટર દૂર આવેલી અવર્સ મોબાઈલ નામની દુકાનમાં રવિવારે રાત્રે બાજુમાં આવેલી શાકભાજીની દુકાનમાં બાકોરું પાડી મોબાઈલની દીવાલમાં કાણું પાડી પ્રવેશી બિન્દાસ્ત રીતે ૧.૬૦ લાખ ના મોબાઈલ સહીત ૫ હજારની મોબાઈલ એસેસરીની લૂંટ ચલાવી ફરાર થઈ ગયા હતા. સદનસીબે કેશ કાઉન્ટરમાં રહેલા ૪૦ હજાર રૂપિયા નજરથી દૂર રહેતા સલામત રહ્યા હતા. સોમવારે સવારે દુકાન માલીકને જાણ થતા દુકાન માલિક દુકાને દોડી આવી ચોરી અંગે પોલીસને જાણ કરી ફરિયાદ નોંધાવવા તજવીજ હાથ ધરી હતી.

આ લખાઈ રહ્યું છે ત્યાં સુધી ફરિયાદ નોંધાઈ નહોતી.

આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર મોડાસા બસ સ્ટેન્ડ સામે આવેલ અવર્સ મોબાઈલ નામની દુકાનમાં રવિવારે રાત્રીના સુમારે બાજુમાં રહેલી શાકભાજીની દુકાનમાં ખડાયતા બોર્ડિંગ પાછળની ખુલ્લી જગ્યામાંથી બાકોરું પાડી તેમાં પ્રવેશી મોબાઈલની દુકાનની દીવાલમાં કાણું પાડી ઘુસી જઈ દુકાનમાં રહેલા ન્યૂ બ્રાન્ડેડ સેમસંગ, ટેકનો, લાવા, વિવો સહીત ૧.૬૫ લાખના મુદ્દામાલની ચોરી કરી તસ્કરો ફરાર થઈ ગયા હતા. દુકાનમાં કેશ કાઉન્ટરમાં પડેલ ૪૦ હજાર રોકડ રકમ તરફ ધ્યાન ન જતા રોકડ રકમ બચી ગઈ હતી. સોમવારે વહેલી સવારે મોબાઈલની દુકાનમાં ચોરી થઈ હોવાની જાણ થતા આજુબાજુની દુકાનોના માલિકો અને લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. દુકાન માલિકને ચોરી અંગે ધ્યાન દોરતા તાત્કાલિ દુકાને પહોંચી દુકાનમાં રહેલા મોબાઈલની લૂંટ અંગે મોડાસા ટાઉન પોલીસને ચોરી અંગે જાણ કરતા પોલીસે દુકાન માલિક ભાવેશભાઈની જાણવાજોગ અરજીના આધારે તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળ્યું હતું.



ધોળા દિવસે લાઈટો ચાલુ

ખેડબ્રહ્મા નગરપાલિકાની બલિહારી ધોળા દિવસે પણ લાઈટો ચાલુ. શહેરમાં આંતરે દિવસે ચાલુ રહેતી સ્ટ્રીટપોલની લાઈટો સોમવારે પંચશીલ વિસ્તારમાં મોટાભાગના લાઈટના થાંભલા પર લાઈટો ચાલુ રહેતા પ્રજા માટે ભારે કુતૂહલ કે વીજળીના બચત માટે છે કે કેમ.

મોડાસામાં ત્રણ જિલ્લાનો લીગલ સેમિનાર યોજાયો

ધી બાર કાઉન્સિલ ઓફ ગુજરાત અને અરવલ્લી જિલ્લા ડીસ્ટ્રીક બાર એસોસિએશનના સહયોગથી રવિવારે ધી મ.લા.ગાંધી કેળવણી મંડળ સંચાલિત કોલેજ કેમ્પસમાં આવેલા ભામાશા હોલમાં અરવલ્લી, સાબરકાંઠા અને મહીસાગર જિલ્લાનો લીગલ સેમિનાર તથા એડવોકેટોનો સન્માન સમારોહ યોજાયો હતો. કાર્યક્રમના ઉદ્ઘાટક તરીકે ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ રેડ્ડી તેમજ મુખ્ય મહેમાન તરીકે હાઈકોર્ટના જસ્ટિસ એસ.જી. શાહ તથા અન્ય જસ્ટિસ હાજર રહ્યા હતા. આ પ્રસંગે મોટર વિહકલ એક્ટ, બેલ એપ્લીકશન, નેગોશીયેલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ, લો ઓફ ઈન્જેકશન વગેરે મહત્વના કાયદા ઉપર સિનિયર એડવોકેટ એચ.એમ. ધ્રુવ તથા અન્ય વકીલોએ માર્ગદર્શન આપ્યું હતું. ૨૦૧૧ માં એસિડ એટેકનો ભોગ બનેલ અંધ અરજદારને ૩ લાખ રૂપિયાનો ચેક આપ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન આયોજન કન્વીનર હીરાભાઈ.એસ. પટેલ અને એમ.એ. ઈપ્રોલીયા અને તેમની ટીમે કર્યું હતું.

અરવલ્લી જિલ્લા મહાકાલ સેનાએ પદ્માવતી ફિલ્મનો ઉગ્ર વિરોધ કરી જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપ્યું

સંજય લીલા ભણસાલીની બહુ ચર્ચિત પદ્માવતી ફિલ્મમાં દિર્ગદર્શક દ્વારા ઈતિહાસ સાથે ચેડા કરી તેરમી-ચૌદમી સદીના સમયમાં થઈ ગયેલ ચિતોડના મહાન સતી રાની મહારાણી પદ્માવતી અને રાજા રતનસિંહનો ભારતમાં ઈતિહાસ સોનેરી અક્ષરે લખાયેલો છે. ભારતની સંસ્કૃતિના રક્ષણ અર્થે મહારાણી પદ્માવતીએ અન્ય રાજપૂતાણીઓ સાથે જૌહર કરેલ ત્યારે ઈતિહાસ સાથે ચેડાં કરી નિર્માણ કરેલ પદ્માવતી ફિલ્મને રિલીઝ થતી અટકાવવા સોમવારે અરવલ્લી જિલ્લા મહાકાલ સેનાએ જિલ્લા કલેક્ટર શાલિની અગ્રવાલને આવેદનપત્ર આપી ઉગ્ર રજુઆત કરી હતી. જેમાં રાજપૂત સમાજના અગ્રણી નીતિરાજસિંહ પુવાર, પરમવીરસિંહ રાઠોડ, રાજપાલસિંહ રહેવાર સહીત સેનાના હોદેદારો ઉપસ્થિત રહ્યા હતા.

ધનસુરાના અમોદરા નજીક કાર પર હિચકારો હૂમલો

અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના કીડી નજીક આવેલા અમોદરા ગામ પાસે પોલીસે સિવિલ ડ્રેસમાં રોડ પર ટ્રેક્ટર આડુ કરી કરી બાતમી હોય કે પછી અન્ય કોઈ મોટી માછલી પકડવાના ઈરાદા સાથે પેટ્રોલિંગમાં હતા ત્યારે પુંસરી ગામ તરફથી સ્વીફ્ટ કારમાં તલાટી તેમના પરિવાર સાથે મોડી રાત્રે પસાર થતા હતા સિવિલ ડ્રેસમાં રહેલી પોલીસે સ્વીફ્ટ કારને અટકાવાનો પ્રયાસ કરતા સિવિલ ડ્રેસમાં પોલીસ હોવાથી સ્વીફ્ટ ચાલકે કાર ઉભી ના રાખતા પોલીસે કારને રોકાવા માટે પથ્થરોનો મારો ચલાવતા પરિવાર સાથે મુસાફરી કરતા તલાટી ગભરાઈ જતા બચવા માટે ખેતરમાં કાર હંકારી મૂકી ગ્રામજનોને અંગે ધ્યાન દોરતા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉમટી પડ્યા હતા.

મોડાસાના વોલ્વા ગામ પાસે જીપ-બુલેટ વચ્ચે ગમખ્વાર અકસ્માત : આશાસ્પદ યુવાનનું ઘટનાસ્થળે મોત

બુલેટ હંકારતા પિતરાઈ ભાઈનો આબાદ બચાવ

મોડાસા, તા. ૧૩

મોડાસાથી ૩ કિમિ દૂર મેઘરજ રોડ પર આવેલા વોલ્વા ગામની સીમમાં રવિવારે મોડી સાંજે બોલેરો જીપ ચાલકે રોંગ સાઈડ ઘસી આવી બુલેટને ટક્કર મારતા બુલેટ પાછળ સવારી કરતા યુવાનના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટનાસ્થળે કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું. બુલેટ ચાલાક કાકાના દીકરાના શરીરે ઈજાઓ પહોંચતા અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ ઘાયલ યુવાનને સારવાર અર્થે મોડાસા દવાખાને ખસેડ્યો હતો. બોલેરો જીપ ચાલાક જીપ ઘટનાસ્થળે મૂકી ફરાર થઈ ગયો હતો. અકસ્માતના પગલે દોડી આવેલી પોલીસે મૃતક યુવાનને પી.એમ.માટે મોકલી આપી ફરાર જીપ ચાલકને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

માલપુર તાલુકાના જેશવાડી ગામના બે પિતરાઈ ભાઈઓ બુલેટ (ગાડી.નં-જીજે-૨૭-એજી-૯૦૪૩) લઈ કામકાજ અર્થે મોડાસાથી મેઘરજ તરફ જતા હતા ત્યારે વોલ્વા ગામની સીમમાં રોંગ સાઈડ યમદૂત બની બોલેરો જીપ (ગાડી.નં- જીજે-૯બીએ-૬૬૧૮)ને જીપ ચાલકે પુરઝડપે ગફલત ભરી રીતે હંકારી બુલેટને સામેથી જોરદાર ટક્કર મારતા બુલેટ પાછળ સવારી કરતા સચિન વિક્રમભાઈ પટેલ(ઉં. ૨૧)ના શરીરે અને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટનાસ્થળે કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું. જયારે બુલેટ ચાલાક નિતેશભાઈ બાબુભાઈ પટેલના બંને પગે ફ્રેકચર કરી માથાના ભાગે ઈજાઓ પહોંચતા અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ ઘાયલ યુવાનને મોડાસા સારવાર અર્થે ખસેડી મોડાસા રૂરલ પોલીસને જાણ કરતા પોલીસે તાબડતોડ ઘટના સ્થળે પહોંચી મૃતક યુવાનની લાશને પી.એમ.માટે મોકલી આપી જેશવાડી ગામના ગોવિંદભાઈ જેઠાભાઈ પટેલની ફરિયાદના આધારે અકસ્માત સર્જી ફરાર જીપચાલક વિરુદ્ધ અકસ્માતે મોતનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી ઝડપી પાડવા ચક્રોગતિમાન કર્યા હતા.

ડીસા ખાતે ભારત વિકાસ પરિષદનો સ્નેહમિલન કાર્યક્રમ

ચારિત્ર્ય ઘડતર દ્વારા રાષ્ટ્ર નિર્માણનું ભગીરથ કાર્ય કરતી સેવાભાવી સંસ્થા ભારત વિકાસ પરિષદ. ડીસા શાખામાં ૧૬૦થી વધારે પરિવાર સભ્ય તરીકે જોડાયા છે. વરસ દરમિયાન અનેક પ્રકલ્પ સંયોજકોના સહયોગથી બાળકોમાં સંસ્કાર ઘડતરનું કામ થાય છે. આ સંસ્થાની નેમ છે કે સમાજમાં સેવા કામ કરીને આગવી પ્રતિભા ધરાવતા કાર્યકરોનુ સન્માન કરવામાં આવે છે. આ સમયે પર્વતારોહણ, પર્યાવરણ તથા વનીકરણ માટે સેવા આપી રહેલા વિનોદભાઈ પ્રાણશંકર જોષી તથા બ્લડ ડોનેશનનું ભગીરથ કામ કરીને અનેક દરદીઓની જિંદગી બચાવવાનું કામ કરતી 'માનવ સેવા' સંસ્થાના કાર્યકર ચંદ્રકાન્તભાઈ આર. ઠક્કરની સેવાઓને બિરદાવવામાં આવી હતી. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ ડૉ. ભૂપેશભાઈ ત્રિવેદી, મહામંત્રી જયેશભાઈ દેસાઈ તથા ખજાનચી મહેશભાઈ જોશી વગેરે કાર્યકરોએ કાર્યક્રમને સફળ બનાવવા અથાક પ્રયત્નો કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન રાજુભાઈ ઠક્કર(નોટરી)એ કર્યું હતું.

કસ્ટમર રીલેશનશીપ ઓફિસરે તોડ્યો કસ્ટમરોનો ભરોસો

મહેસાણાના એક રીલેશનશીપ ઓફિસરે ૧૦૧ ખાતાધારકોના પૈસા ચાવ કરતા મામલો હાલમાં મહેસાણા બોઈ. ડીવીઝન પોલીસમાં પહોંચ્યો છે

મહેસાણા, તા. ૧૩

મહેસાણાના માલ ગોડાઉ રોડ પર આવેલ ઉજ્જીવન સ્મોલ ફાઈનાન્સ બેંક સખી મંડળો અને મહિલાઓને નાની નાની લોન આપીને મદદ કરવાનુ કામ કરે છે. પરંતુ, આ મહિલા ગ્રાહકો પોતાની લોનના હપ્તા બેંકમાં ભરવા જે કસ્ટમર રીલેશનશીપ ઓફિસરને પૈસા આપતા હતા તે સીઆરઓએ પૈસા બેંકમાં જમા જ કરાવ્યા ન હતા અને પોતાના અંગત કામમાં વાપરી લીધા હતા. આ મામલો ત્યારે બહાર આવ્યો જયારે બેંકે ૧૦૧ મહિલાઓ પાસે ઈન્સ્ટોલમેન્ટની ઉઘરાણી કરી અને તે સમયે માલુમ પડ્યું કે ગ્રાહકો ઈન્સ્ટોલમેન્ટ મહેન્દ્ર રાવળને આપતા હતા અને મહેન્દ્ર આ પૈસા બેંકમાં જમા જ નહોતો કરાવતો. જે મામલે ઉચાપત થતા બેંક મેનેજરે મહેસાણા બી ડીવીઝન પોલીસમથકે ફરિયાદ નોંધાવી છે. આશુતોષ સકસેના બ્રાંચ મેનેજર, ઉજ્જીવન સ્મોલ ફાઈનાન્સ બેંક, મહેસાણાએ આ અંગે જણાવ્યું હતુ કે મહેન્દ્ર રાવળ વિરૂદ્ધ ફરિયાદ આપી છે. ૧૦૧ ગ્રાહકોના પૈસા જમા નથી કરાવ્યા. રોજ કલેક્શન લેવા જતા અને થોડા ગ્રાહકોના જમા કરાવતા, થોડા ગ્રાહકોના જમા નહોતા કરાવતા. તપાસ કરતા જાણ થઈ. ગ્રાહકોએ કહ્યું કે, આ પૈસા લઈ ગયા છે પણ જમા નથી થયા. ઉજ્જીવન બેન્કના બ્રાંચ મેનેજરે આ મામલે બેન્કના સીઆરઓ આ મહેન્દ્ર રાવળ વિરૂદ્ધ ફરિયાદ કરતા મહિલા ગ્રાહકોના લોનના હપ્તાના પૈસા બારોબાર વાપરી દેનાર અને બેંકમાં નહિ જમા કરાવનાર મહેન્દ્ર રાવળ વિરૂદ્ધ પોલીસે ગુનો નોંધીને તપાસ હાથ ધરી છે. આ સમગ્ર મામલે હાલમાં આરોપી ફરાર થઈ ગયો છે. અને આ સમગ્ર મામલે હાલમાં પોલીસે તપાસ શરૂ કરીને વધુ તજવીજ શરૂ કરી છે.

ખેડબ્રહ્મામાં પોલીસની રહેમ નજર હેઠળ શટલીયા બેફામ

ખેડબ્રહ્મા શહેરના બસ સ્ટેશન વિસ્તારમાં શટલીયા જીપ ચાલકો દ્વારા બેફામ પાર્કીંગ કરી અને ઉપર સુધી મુસાફરો ભરી લોકોના જીવન સાથે ચેડા કરી રહ્યા છે. ખેડબ્રહ્મા શહેરના બસ સ્ટેશન વિસ્તારમાં ચાર રસ્તા પડે છે, એક ગામ વિસ્તારમાં જાય છે, એક અંબાજી, એક ઈડર તરફ અને એક અંબિકા માતાજી મંદિરમાં જાય છે. વચ્ચે બસ સ્ટેશન આવેલ હોઈ આખો દિવસ ભરચક રહેતો હોય છે. જ્યારે શટલીયા જીપ ચાલકો વચ્ચોવચ્ચ પાર્કીંગ કરી મુસાફરોને બોલાવતા હોય છે. ઈડર તરફ જવા, રોડ વચ્ચે હોય છે ત્યારે પોશીના-અંબાજી તરફ જવાવાળા રોડ વચ્ચે જ પાર્કીંગ કરે છે. પોશીના અને માતાજી મંદિર તરફ દોડતી જીપોના ચાલકો વગર લાયસન્સવાળા નાની ઉંમરના હોય છે. જેથી આ ચાર રસ્તા પર ભરચક ટ્રાફીક જામ રહે છે. માતાજી મંદિરમાં જવા માટે યાત્રીકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. ટ્રાફીક જમાદાર હિરા ભરવાડને ફક્ત હપ્તા લેવામાં જ રસ હોઈ ટ્રાફીકનું કોઈ નિયમન ન કરતા હોવાની રાવ ઉઠવા પામી છે.

મોડાસામાં અરવલ્લી-સાબરકાંઠા લેઉઆ પટેલ સમાજનો સ્નેહમિલન કાર્યક્રમ

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા શહેરના ચાર રસ્તા પર આવેલા મોડાસા નગરપાલિકા ટાઉનહોલમાં રવિવારે સવારે અરવલ્લી-સાબરકાંઠા લેઉઆ પટેલ સમાજનો દિવાળી પર્વ અને નૂતન વર્ષાભિનંદન નિમિત્તે સ્નેહમિલન કાર્યક્રમ અને મોડાસા શહેરમાં વસવાટ કરતા માલપોર લેઉઆ પાટીદાર સમાજની પારિવારિક પુસ્તકનું વિમોચન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ગુજરાતના પાટીદાર સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. મોડાસામાં યોજાયેલ લેઉઆ પાટીદાર સમાજના સ્નેહમિલન કાર્યક્રમ પૂર્વ ગૃહમંત્રી ગોરધનભાઈ ઝડફિયાની ઉપસ્થિતિમાં યોજાયો હતો. સમાજના અગ્રણીઓ દ્વારા સમાજના યુવાનો યશશ્વી કારકિર્દીમાં સફળતા પ્રાપ્ત કરે અને સમાજનું સંગઠન મજબૂત બનાવવા અને એકતા અકબંધ રાખવા આહવાન કર્યું હતું બંને જિલ્લાના પાટીદાર સમાજના અગ્રણીઓ, યુવાનો, મહિલાઓ અને બાળકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ સફળ બનાવવા માટે યુવા સંઘના પ્રમુખ વિનોદ પટેલ અને તેમની ટીમ, ખોડલ ધામના સહકન્વીનર મનુભાઈ પટેલ, વિકાસ મંડળના પ્રમુખ પંકજ પટેલ, મુખી કાંતિભાઈ અને જગદીશભાઈ અને કમલેશ પટેલ ભારે જહેમત ઉઠાવી હતી. આ કાર્યક્રમમાં પાટીદાર શ્રેષ્ઠ શિક્ષક નટુભાઈ પટેલ, બંને જિલ્લામાં જીતેલા જિલ્લા પંચાયત તાલુકા પંચાયત અને સરપંચોનું સન્માન કરવામાં આવ્યું હતું.

ઠંડુ શહેર

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

દિવસોથી ઠંડી ગરમીની મિશ્ર ઋતુ અનુભવી રહયા છે. ઠંડી ગરમીના લીધે જનઆરોગ્ય પર વિપરિત અસર જોવા મળી રહી છે. જયારે દિવાળી બાદ થોડા દિવસ ગુલાબી ઠંડીનો માહોલ જામ્યો હતો. પરંતુ છેલ્લા કેટલાક દિવસોથી મહત્તમ તાપમાન ઉંચુ આવતા દિવસ દરમિયાન નગરજનો અકળાવે તેવી ગરમીનો અહેસાસ કરી રહયા હતા. જો કે દિવસ દરમિયાન હજુ પણ તાપ આકરો લાગે છે. પરંતુ છેલ્લા બે દિવસમાં લઘુત્તમ તાપમાનમાં બે ડી ગ્રી નો ફેરફાર જોવા મળ્યો છે. બે દિવસ અગાઉ ઠંડીનો પારો ૧૫.૫ ડી ગ્રી રહયો હતો. જયારે ગઈકાલે એક ડીગ્રીના ઘટાડા સાથે લઘુત્તમ તાપમાન ૧૪.૫ ડી ગ્રી રહયુ હતુ. જયારે આજે ન્યુન્નતમ તાપમાન વધુ એક ડી ગ્રી નીચુ આવતા નગરજનોએ ગુલાબી ઠંડીનો અહેસાસ કર્યો હતો. ઠંડીના ચમકારાથી નગરજનો રાત્રિના સમયે ગરમ કપડામાં લપેટાયેલા જોવા મળે છે. દિવસ દરમિયાન ઘરો અને ઓફિસમાં એ સી અને પંખાનો ઉપયોગ પણ ઘટી ગયો છે. દિવસનુ મહત્તમ તાપમાન ૩૨.૫ ડી ગ્રી રહયુ હતુ. મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં બેવડાથી પણ વધુ તફાવત જોવા મળ્યો હતો. ઠંડીના ચમકારાની સાથે નગરના જનજીવન પર સ્પષ્ટ અસર વર્તાઈ રહી છે. સાંજ ઢળતા જ નગરના માર્ગો પર વાહનોની પાંખી અવરજવર જોવા મળે છે. જયારે મોડીરાત્રિના સમયે સુનકાર જોવા મળે છે.

બિલ્ડીંગ બનશે

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

શહેરમાં દાયકાઓ જુના સરકારી આવાસો વર્ષોના અંતે ખંડેર હાલતમાં જોવા મળી રહયા છે. આવાસ મજબુતીકરણની યોજના પણ મંદ ગતિએ ચાલી રહી છે. ત્યારે મોટાભાગના આવાસો રહેણાંકની દ્રષ્ટીએ યોગ્ય ન હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે. આવા સંજોગોમાં જુના અને ભયજનક મકાનો તોડી નાંખવામાં આવ્યા છે. જો કે હજુ પણ જોખમી આવાસોની સંખ્યા વિશેષ હોવાના લીધે તબક્કાવાર મકાનો તોડવાનુ કામ ચાલી રહયુ છે. ભયજનક મકાનો જમીનદોસ્ત કરી તેના ઠેકાણે નવા આવાસો પણ તૈયાર કરી દેવાયા છે. સે-૭ માં આવાસ યોજના તૈયાર કરી દેવાતા કર્મચારીઓ વસવાટ કરવા પણ આવી ગયા છે. જયારે સે-૨૯ અને સે-૩૦ માં પણ આવાસો બાંધવાનુ કામ ચાલી રહયુ છે. અગાઉ સે-૬ માં પણ જોખમી આવાસો તોડી નાંખવામાં આવ્યા હતા. હવે સેકટરમાં નવા કોર્પોરેટ લુક ધરાવતા આવાસો બાંધવાનુ કામ હાથ ધરાશે. સે-૬ માં સી કક્ષાના ૨૮૦ મકાનો બાંધવામાં આવશે. જયારે સે-૫ માં પ્રથમવાર સરકારી આવાસો બાંધવા માટે સાઈટ આખરી કરી દેવાઈ હોવાનુ પણ મનાઈ રહયુ છે. જો કે આ મામલે તંત્ર દ્વારા ટેન્ડર પ્રક્રીયા પણ હાથ ધરી દેવામાં આવી છે. ત્યારે આગામી બે મહીનામાં નવા આવાસો બાંધવાનુ કામ શરૂ કરી દેવાશે. સે-૫ અને સે-૬ માં કુલ ૫૬૦ નવા મકાનો બાંધવામાં આવશે. બીજીતરફ સેકટરોમાં સ્થિત કંગાળ મકાનો તોડી નાંખવા માટે પણ તંત્ર દ્વારા તબક્કાવાર ટેન્ડર પ્રક્રીયા હાથ ધરી કામ હાથ ધરવામાં આવી રહયુ છે. નવા સેકટરોપૈકી સે-૫ માં પ્રથમવાર સરકારી આવાસો બાંધવાની યોજના હાથ ધરાશે.

પ્રચંડ ભૂકંપ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

યુરેશિયાઈ ટેક્ટોનિક પ્લેટની ૧૫૦૦ કિમી ફાલ્ટ લાઈનની હદમાં આવે છે. પશ્ચિમી ઈરાનથી ઉત્તર પૂર્વીય ઈરાક સુધી આ વિસ્તાર કેન્દ્રિત છે. જેથી ભૂકંપની દ્રષ્ટિએ આ સમગ્ર વિસ્તાર ખુબ જ સંવેદનશીલ છે.

જીએસટીમાં

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

તેમણે કહ્યુ હતુ કે રિયલ એસ્ટેટ અને પેટ્રોલિયમ પ્રોડક્ટસને જીએસટીન હદમાં લાવવા માટે પણ વાતચીત કરવામાં આવી શકે છે. હાલમાં કોંગ્રેસ પાર્ટી દ્વારા આને લઈને રજૂઆત કરવામાં આવી ચુકી છે. સરકારે ઈન્ડસ્ટ્રીઝના પ્રતિનિધીઓને સામેલ કરીને એક ગ્રુપની રચના કરી છે. જેથી ટેક્સ વ્યવસ્થાની સમીક્ષા કરી શકાશે. કેટલાક રેટ્સ હોવા અને નિયમોને પાળવામાં થઇ રહેલી મુશ્કેલીન નોંધ લેવામાં આવી રહી છે.

ચૂંટણી પ્રક્રિયા

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

૨૪ નવેમ્બર સુધીમા ઉમેદવારીપત્ર પાછા ખેંચી શકાશે.આ બેઠકો પર ૯ ડીસેમ્બરના રોજ મતદાન હાથ ધરવામા આવશે.બીજા તબકકામાં ૯૩ બેઠકો માટે જાહેરનામુ ૨૦ નવેમ્બરના રોજ બહાર પાડવામા આવશે.પહેલા તબકકામાં કચ્છ, સુરેન્દ્રનગર, મોરબી, રાજકોટ, જામનગર, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, જુનાગઢ, ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર, બોટાદ. નર્મદા, ભરૂચ, સુરત, તાપી, ડાંગ, નવસારી અને વલસાડની ૮૯ બેઠકોનો સમાવેશ થાય છે.